પાટનગરના મોટાભાગના એટીએમ કેશલેસ

પાટનગરની નવી કેશલેસ ઈકોનોમી : એટીએમ મશીનો શોભાના ગાંઠિયા : શહેરના ૭૨ એટીએમ કેન્દ્રોમાંથી મોટાભાગના પર 'નો કેશ'ના પાટિયાં ઝુલે છે : ખાતેદારોના અગત્યના કામો અટવાયાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં 'ડિઝીટલ ઈન્ડિયા' કંઈક અલગ જ રીતે લાગુ થયું હોય તેવુ નગરજનોને પ્રતિતી થઈ રહ્યું છે. શહેરના મોટાભાગના એટીએમ મશીનોમાં રોકડની અછત સર્જાતા પાટનગર ઝડપથી 'કેશલેસ' બનવા તરફ ગતિ કરી રહ્યું છે. એટીએમ મશીનોમાં કેશની ખેંચના કારણે અનેક નાગરિકોના અગત્યના કામો ખોરવાયાં છે અને હાલાકીનો ભોગ બની રહ્યાં છે.

છેલ્લા સપ્તાહમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં મોટાભાગના શહેરોમાં એટીએમ મશીનો 'કેશલેસ' થવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ પરિસ્થિતિ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ જોવા મળી રહી છે. શહેરમાં વિવિધ બેંકોના ૭૨ જેટલા એટીએમ કેન્દ્રો છે જેમાંથી મોટા ભાગના એટીએમ કેન્દ્રો પર 'નો કેશ'ના પાટિયાં ઝુલી રહ્યા છે. પોતાના રોજબરોજના ખર્ચા અને અગત્યના કાર્યો માટે રોકડ ઉપાડવા જતા ખાતેદારોને એક એટીએમથી બીજા એટીએમ રખવું પડી રહ્યું છે. છતાં કેશ ઉપાડવા મળતી ના હોવાથી ખાતેદારોમાં અકળામણ વધી રહી છે. પોતાના ખાતામાં બેલેન્સ હોવા છતાં તેનો ઉપયોગ ના કરી શકવાને કારણે ખાતેદારોમાં રોષ જોવા મળી રહ્યો છે.

નોટબંધી પછી ફરી એકવાર શહેરમાં 'મીની કેશ લિક્વીડીટી કાઈસીસ' જેવું વાતાવરણ ખડું થઈ રહ્યું છે. પોતાના નાના-મોટા કાર્યો નિપટાવવા ખાતેદારોને છેવટે સગા-સંબંધી-મિત્રોનો સહારો લેવો પડી રહ્યો છે. શહેરની ખ્યાતનામ બેંકોના એટીએમ મશીનો કેશલેસ થવાથી અગત્યના કે તાકીદના કાર્યો માટે નાણાં ઉપાડવામાં પડી રહેલી તકલીફના કારણે ખાતેદારોમાં ભારે રોષની લાગણી ફેલાઈ રહી છે.

કર્મચારીનગરમાં જ 'કેશલેસ' એટીએમ

ગાંધીનગર એ રાજ્યનું પાટનગર હોવાને નાતે અહીં ૮૦ ટકાથી વધુ વસ્તી કર્મચારીઓ અથવા પેન્શનર્સની છે. જેમના પગારના કે પેન્શનના નાણાં સીધા બેંક ખાતામાં જમા થાય છે પછી જેમ જરૂર પડે તેમ તેટલી તેઓ રકમ ઉપાડતા હોય છે. હવે એટીએમ મશીનો 'કેશલેસ' થતા આ નાગરિકોને પરેશાનીનો ભોગ બનવુ પડી રહ્યુ છે.

રીઝર્વ બેંકમાંથી જ 'કેશ' ઓછી આવે છે

શહેરમાં એટીએમ કેશલેસ થવા પાછળ એવુ જાણવા મળ્યું છે કે રીઝર્વ બેંકમાંથી ગાંધીનગરને સરેરાશ કરતાં પણ અત્યંત ઓછી કેશ આવે છે. જેના લીધે આ પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

સેક્ટરોમાં વન આરક્ષિત જગ્યામાં સિમેન્ટના થાંભલા તુટેલી હાલતમાં

લોખંડના એંગ્લવાળી નવી ફેન્સીંગ નાંખવાની કાર્યયોજનાને હજુ મંજુરી મળી નથી

ગાંધીનગર તા ૧૬

શહેરમાં વન આરક્ષિત જગ્યાને અનુલક્ષી વર્ષો અગાઉ સિમેન્ટની થાંભલીઓ ઉભી કરી નિર્માણ કરાયેલી ફેન્સીંગ મોટાભાગના સેકટરોમાં તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. ગ-૨ થી ચ-૨ વચ્ચેના માર્ગ પર આસપાસ સ્થિત આ જગ્યામાં ફેન્સીંગની થાંભલીઓ નમી પડેલી હાલતમાં જોવા મળી રહી છે વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ તુટી જતા આ ઠેકાણે ગંદકી તેમજ દબાણોની સમસ્યા ઉદભવશે તેવો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે.

શહેરમાં હરિયાળા વૃક્ષોની જાળવણી તેમજ વન આરક્ષિત જગ્યામાં દબાણો સહીત ગંદકી જેવા પ્રશ્નો ન સર્જાય તે માટે વર્ષો અગાઉ વન તંત્ર દ્વારા સિમેન્ટના પોલ્સ નાંખી ફેન્સીંગ કરવામાં આવ્યુ હતુ. જયારે આ સિમેન્ટની થાંભલીઓ વારંવાર તુટી જતા ફેન્સીંગનો હેતુ ન સરતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગત વાઈબ્રન્ટ સિમિટ દરમિયાન તંત્ર દ્વારા આ ફેન્સીંગના પોલ્સને કલરકામ પણ કરવામાં આવ્યુ હતુ. જયારે હાલ નવા વાવેતરને અનુલક્ષી નવી ફેન્સીંગ પણ કરવામાં આવી રહી છે. આ પ્રકારની સમસ્યા ન સર્જાય તે માટે લોખંડના એંગ્લવાળી

● અનુસંધાન પાન-૭ પર

ચ-૩ પાસે પાણીની લાઈન ખસેડતી વેળાએ લાખો લીટર પાણીનો વેડફાટ

બિલ્ડીંગના બાંધકામને અનુલક્ષી લાઇન ખસેડવાની કામગીરી દરમિયાન ચોમેર પાણી ફરી વળ્યુ

ગાંધીનગર તા ૧૬

શહેરના ચ - ૩ વિસ્તારમાં કોર્મશિયલ બિલ્ડીંગના બાંધકામને અનુલક્ષી પાણીની લાઈન બદલવાની પ્રક્રીયા દરમિયાન અચાનક જ લાઈનમાં લીકેજીસ થતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સે -૧૧ માં ચ-૩ ખાતેના ગરબા મેદાન અને રામકથા મેદાનમાં પણ તળાવની જેમ પાણી ભરાઈ ગયુ હતુ. આ કામગીરી દરમિયાન લાખો લીટર પાણીનો વેડફાટ થયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં આકરી ગરમીમાં સેકટરોમાં પાણીની પોકાર ઉઠતી રહે છે. જયારે આવા સંજોગોમાં પાણીનો બગાડ ન થાય તેવો પણ આગ્રહ તંત્ર દ્વારા રાખવામાં આવે છે. પરંતુ આજે શહેરમાં પાણીની લાઈન બદલવાની જટીલ પ્રક્રીયા દરમિયન લાખો લીટર પાણીનો વેડફાટ થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. શહેરના ચ-૩ વિસ્તારમાં કોર્મશિયલ બિલ્ડીંગના બાંધકામ દરમિયાન પાણીની લાઈન બદલવાની કામગીરી થઈ રહી હતી. ત્યારે પાણી ભારે વેડફાટ થયો હતો. આ દરમિયાન બિલ્ડીંગના પાયા ખોદકામના અંતે જુની લાઈન બદલવાની પ્રક્રીયા દરમિયાન પાણી વહેતુ થઈ ગયુ હતુ. જયારે પલવારમાંજ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. ચ-૩ વિસ્તારમાં સ્થિત ગરબા મેદાન અને રામકથા મેદાનમાં પણ જાણે તળાવ ઉભરાયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. આ કામગીરી દરમિયાન લાખો લીટર પાણીનો વેડફાટ થયો હોવાનુ પણ મનાઈ રહયુ છે. જો કે પાણીની લાઈન ખસેડવાની કામગીરી દરમિયાન લાઈનમાં રહેલા પાણી વેડફાટ થયો હોવાનુ પણ મનાઈ રહયુ છે.

ગાંધીનગર આસપાસની ૬ હોટલોના લાયસન્સ રદ કરાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર પ્રાંત અધિકારી દેસાઈ દ્વારા ગાંધીનગરની ૬ હોટલોના લાયસન્સ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલી આ હોટલોમાં ફાયરબ્રિગેડ અધિકારીના પ્રમાણપત્ર લેવામાં આવ્યા ન હતા. તેમજ આ હોટલોમાં ફાયર સેફ્ટીના પગલાં પણ સંતોષકારક રીતે લેવામાં આવ્યા ન હોવાથી ફાયર ઓફિસરની લેખિત રજુઆતોને ધ્યાને રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જે હોટલોના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે તેમાં વૃંદાવન ગાર્ડન રેસ્ટોરન્ટ નભોઈ, સેવરી રેસ્ટોરન્ટ સરગાસણ, ગ્રાન્ડ પ્રિતમ, કુડાસણ, બેસ્ટવેલી-કુડાસણ, જયકિષ્ણા હોટલ કોબા તેમજ હોટલ કાનન ભાટનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા અગાઉ પણ લાયસન્સ વગર ચાલતી હોટલો સામે લાલ આંખ કરવામાં આવી હતી. આ ઉપરાંત સુખ-સુવિધા કર બાકી હોય તેમને પણ નોટીસો આપવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેશે : હવામાન વિભાગ

અમદાવાદ, તા. ૧૬

કૃષિ ક્ષેત્ર અને દેશની અર્થવ્યવસ્થા માટે સારા સમાચાર આવ્યા છે. ભારતીય હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આ વર્ષે ખુબ સારો વરસાદ થઈ શકે છે. આજે હવામાન વિભાગે કહ્યું હતું કે, જુનથી સપ્ટેમ્બરની અવધીમાં મોનસુન સામાન્ય રહેશે. ભારતીય હવામાન વિભાગના ડીજી કેજી રમેશે માહિતી આપતા કહ્યું છે કે, મોનસુન લાંબી અવધીના એટલે કે એલપીએના ૯૭ ટકા સુધી રહેશે. એલપીએના ૯૭ ટકા સુધી વરસાદને મોસમ માટે સામાન્ય વરસાદ ગણવામાં આવે છે. દેશમાં ઓછા વરસાદની શક્યતા ખુબ ઓછી રહેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે ચોથી એપ્રિલના દિવસે તેની પ્રથમ આગાહી કરી હતી.

બે મહિલા સહિત ૮ તડીપાર

અસામાજિક તત્વો સામે તંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકામાંથી છેલ્લા એક માસમાં ૮ જેટલી વ્યક્તીઓના તડીપારના હુકમો પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવ્યા છે અને તે હુકમોની બજવણી પણ પોલીસ દ્વારા કરી દેવામાં આવી છે.

પ્રાંત કચેરી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૫૬-૫૭ અન્વયે આ તડીપારના હુકમો કરવામાં આવ્યા છે. આ અંગેની દરખાસ્તો પોલીસ દ્વારા કરવામાં આવતી હોય છે અને આ પછી સુનાવણીને અંતે આ દરખાસ્તો પર પ્રાંત અધિકારી કક્ષાએ તેનો નિર્ણય લેવામાં આવતો હોય છે.

અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આ ઈસમો સામે નોંધાયેલા ગુનાઓ પણ જોવામાં આવતા હોય છે. આ ૮ જણાને પ્રાંત અધિકારી દ્વારા અમદાવાદ શહેર/ગ્રામ્ય, ખેડા, સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણા જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા છે.

પોલીસ દ્વારા હુકમ બાદ આ ઈસમોને પકડી અન્ય જિલ્લાઓમાં તેમને મુકી આવવામાં આવતા હોય છે. જે ઈસમોને તડીપાર કરાયા છે તેમાં ભાટ, અમીયાપુર, શેરથા, ઉવારસદ, પેથાપુર, મોટી આદરજ અને રાંધજાના ઈસમોનો સમાવેશ થાય છે. તડીપાર થયેલાઓમાં બે મહિલા ગુનેગારોનો પણ સમાવેશ થાય છે.

સેકટરોમાં ચોમાસા પુર્વે વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરાયુ

જોખમી વૃક્ષોનો પણ નિકાલ કરાશે

ગાંધીનગર તા ૧૬

શહેરમાં ચોમાસા દરમિયાન વૃક્ષોની ડાળીઓ નમી પડવા ઉપરાંત વૃક્ષો ધરાશાયી થતા હોવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામે છે. હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા સેકટરોમાં વૃક્ષોની જાળવણી અને ટ્રીમીંગનો મુદ્દો મુખ્ય બને છે. ત્યારે વનતંત્ર દ્વારા આગામી ચોમાસાને ધ્યાને લઈ સેકટરોમાં ટ્રીમીંગની કામગીરી હાથ ધરી છે. સેકટરોમાં વનતંત્ર દ્વારા ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. હાલ પથિકાશ્રમથી ઘ-૩ વચ્ચે ટ્રીમીંગનુ કામ ચાલી રહયુ છે.

શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ ચાલી રહયુ છે. આગામી ચોમાસા પુર્વે વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પુર્ણ કરવા માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના નવા સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવાઈ છે. ચામાસા દરમિયાન વૃક્ષોની ડાળીઓ નમી જતા સેકટરોના આંતરિક માર્ગો પર આમ નાગરિકો માટે આડશરૂપ બને છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓના આડે

● અનુસંધાન પાન-૭ પર

સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ખુલ્લા થાંભલા ગમે ત્યારે જોખમી પુરવાર થવાની દહેશત

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ પણ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલા ખુલ્લી અને ભયજનક હાલતમાં છે. જેના લીધે વેકેશનમાં શેરીમાં રમતા બાળકો માટે પણ ખતરો ઉભો થયો છે. કટાયેલા થાંભલાને કલરકામ પણ કરવામાં આવતુ નથી.

કલરકામના અભાવે પોલ્સ કટાયેલી હાલતમાં

શહેરમાં અંદાજ મુજબ સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર જેટલા થાંભલાઓ છે. જયારે ગત વર્ષ સુધી આ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને જબુકતા રાખવા માટે સરકાર દ્વારા તોતિંગ વિજબીલ ચુકવવુ પડતુ હતુ. જયારે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અમલ બાદ વિજબીલમાં ૩૦ ટકા જેટલી રાહત થઈ હોવાનો એકરાર પણ તંત્રએ કર્યો છે. જો કે વિજબીલના રકમની બચત બાદ પણ સ્ટ્રીટ લાઈટના પોલ્સની યોગ્ય જાળવણી થતી નથી. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલા અને કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. એટલુ જ નહીં સેકટરોમાં સ્થિત સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઢાંકણ પણ ખુલ્લા હોવાથી ગમે ત્યારે અકસ્માત સર્જાય તેમ છે. વેકેશન દરમિયાન સેકટરોમાં બાળકો ખુલ્લામાં રમતા હોવાના લીધે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ અકસ્માતનુ કારણ બને તેવી સ્થિતિ છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલર પણ લાંબા સમયથી કરવામાં આવતો નથી. જયારે ઢાંકણો પણ ખુલ્લી હાલતમાં હોવાથી ભયજનક થાંભલા બંધ હોય ત્યારે અંધારામાં પણ અકસ્માતનુ કારણ બને છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટને અનુલક્ષી એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવાયા બાદ લાઈટીંગ પોલ્સ હજુ પણ કંગાળ અને જોખમી હાલતમાં હોવાથી રહીશોમાં રોષ પ્રવર્તયો છે.

આજે શિક્ષણ-બાંધકામ સમિતિની મહત્વની બેઠકો

દિવસ દરમ્યાન પંચાયત સંકુલમાં કોંગ્રેસ વરિષ્ઠોની હાજરીથી પંચાયતનું રાજકારણ ગરમાયુ : ૨૦૧૯ની રણનીતિ તૈયાર કરવાની વાતો નેતાઓની ચર્ચામાં થઈ

ગાંધીનગર, તા. ૧૬

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની બે સમિતિઓની બેઠક યોજવામાં આવતાં આગામી દિવસોની રાજકીય સ્થિતિને લઈ ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

પંચાયત શિક્ષણ સમિતિ તેમજ બાંધકામ સમિતિની મહત્વની બેઠક બોલાવવામાં આવી છે. આજે કોંગ્રેસનું મોવડીમંડળ પણ પંચાયત સંકુલમાં હોવાથી રાજકીય અટકળોએ ભારે જોર પકડ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષણ સમિતિની બેઠકમાં સ્વભંડોળના કામો તેમજ કન્યા કેળવણી અંગેના મનુદ્દાઓની ચર્ચા થવાની છે. તો બાંધકામ સમિતિમાં જિલ્લાના માર્ગોના દુરસ્તીકરણ અને અન્ય કામોને લઈ ચર્ચા થવાની છે.

આ બન્ને સમિતિના સભ્યોની સંખ્યા ૧૩થી વધુ થાય છે. આગામી દિવસોમાં પંચાયતના પ્રમુખની મુદત પણ પૂર્ણ થાય છે. એક સાથે આટલી મોટી સંખ્યામાં સભ્યો પંચાયતમાં આવવાના હોવાથી આગામી દિવસોની વ્યુહરચનાની ચર્ચાઓને પણ એક નવી હવા મળશે તેમ મનાઈ રહ્યુ છે.

જો કે આજે કોંગ્રેસના ઘણા વરિષ્ટોએ પંચાયત સંકુલમાં હાજરી આપી હતી અને તેઓએ માત્ર સભ્યો અને આગેવાનો સાથે બેઠકો કરી અને અન્ય ચર્ચાઓ વધુ કરી હતી.

જો કે કોંગ્રેસના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૯માં આવી રહેલ લોકસભાની ચૂંટણીમાં લોકો સાથેનો નાતો ઘનિષ્ઠ બનાવવા માટે શિક્ષણ અને બાંધકામ સમિતિમાં સ્વભંડોળના કામોને અગ્રતા આપવામાં આવશે. આ ઉપરાંત પશુપાલન, કૃષિ અને આરોગ્ય વિભાગમાં પણ કયા પ્રકારના કામોને અગ્રતા આપવી તેનો નિર્ણય ટુંકમાં જ લઈ ૨૦૧૯ની રણનીતિ તૈયાર કરાશે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪૩, સેક્ટર-૧૬, ગાંધીનગર

૧૬/૪/૨૦૧૮

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, બેન્કના કરજદાર શ્રી અનિલ વ્રજલાલ મેવાડા, રહેવાસી : પ્લોટ નં. ૧૦૧૯/૧, હરીપાર્ક સોસાયટી, સેક્ટર-૨/ડી, ગાંધીનગરનાએ બેન્કમાંથી તા. ૬/૪/૨૦૧૬ના રોજ ગાડી ખરીદ માટે રૂ. ૪૦.૦૦ લાખ (અંકે રૂપિયા ચાલીસ લાખ પુરા)ની લોન મેળવેલ છે. જેની સામે સીક્યુરીટી પેટે તેઓની ફોર વ્હિલર ગાડી તથા ઉપરોક્ત જણાવેલ સરનામાવાળી મિલ્કતની તા. ૬૪/૨૦૧૬ના રોજથી એફીડેવીટ આપેલ છે. તેમાં એટલે કે સોગંદનામામાં જણાવ્યાનુસાર જ્યાં સુધી તેઓએ મેળવેલ લોન વ્યાજ સહિત ચુકતે ભરપાઈ ન કરે ત્યાં સુધી ઉપરોક્ત સરનામાવાળી તેઓની મિલ્કત તેઓ અન્ય કોઈપણ વ્યક્તિના નામે તબદીલ કરશે નહી. અથવા તો તે મિલ્કતનો કોઈપણ ભાગ તબદીલ યા વેચાણ યા બક્ષીસ અથવા તો ગીરોખત કોઈને કરી શકશે નહી. સિવાય કે આ બેન્ક તરફથી તેઓને લેખિતમાં પરવાનગી આપેલ હોય.

ઉપરોક્ત બીનાને ધ્યાને રાખીને જાહેર જનતાને ચેતવણી આફતા જણાવવાનું કે, ઉપરોક્ત સરનામાવાળી તેઓની મિલ્કત ખરીદવા માટે અથવા તબદીલ કવા માટે અથવા બક્ષીસ સ્વરૂપે મેળવવા માટે અથવા તો ગીરોખત કરવા માટે કોઈપણ શખ્સ અથવા પેઢીએ કાર્યવાહી હાથ ધરવી નહિ સિવાય કે આ બેન્ક તરફથી લેખિતમાં પરવાનગી આપવામાં આવેલ હોય.

આમ, છતાં પણ જો ઉપર પ્રમાણે વ્યવહાર કરવામાં આવશે તો તે સંપૂર્ણપણે રદ બાતલ ગણાશે. તેમજ આ પ્રકારનો વ્યવહાર કરનાર સામે યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જનરલ મેનેજર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com